Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN : 2321- 4708
Aug 2017, Year - 4 (52)
Paper ID : RRJ242472

# વિદ્યાબેન નીલકંઠ એક ઐતિહાસિક અધ્યયન.

રજુકર્તા
ડૉ. શૈલેશ બી. સોલંકી
એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ
ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ (સાંજની), અમદાવાદ

---

ગુજરાતના ઇતિહાસમાં ૧૯મી સદી સમાજ પરિવર્તનની ગણાય છે તે દરમિયાન ગુજરાતમાં સ્ત્રી સમાજસુધારાની પ્રવૃત્તિઓ થઈ હતી. જે મોટે ભાગે સ્ત્રી સાથે સંકળાયેલા કુરિવાજો જેવા કે વિધવા પુનર્લગ્ન નિષેધ, બાળ લગ્ન, કજોડા લગ્ન, દૂધ પીતી કરવાનો રિવાજ વગેરે પૂરતું સીમિત રહી હતી. સ્ત્રી શિક્ષણ વિશે કોઈ હિલચાલ ઓગણીસમી સદીના પૂર્વાર્ધ સુધી થઇ ન હતી.

વિદ્યાબેન નીલકંઠ એટલે ગુજરાતમાં સ્ત્રી શિક્ષણનું એક આગવું ઉદાહરણ છે કે જેમનું નામ અને કાર્ય બંને સાથે જોડાયેલા છે. વિદ્યાબેન કોઈપણ પ્રકારના સ્વાર્થ વગર માત્ર ને માત્ર સ્ત્રીઓની કેળવણી અને સમાજસુધારણા પ્રત્યે લક્ષ્ય રાખ્યું હતું. ગુજરાતના સામાજિક સુધારણાના આંદોલનમાં સવીશેષ સ્ત્રી ઉત્કર્ષ માટેના પ્રયત્નો માં જે આગળ પડતા નામો છે તેમાં વધુ આગળ પડતું નામ વિદ્યાબેનનું જ છે. [૧]

વિદ્યાબેન નો જન્મ 1 જૂન 1876ના રોજ અમદાવાદમાં ગુજરાતના અગ્રણી ભોળાનાથ સારાભાઇની પુત્રી ના કુખે થયો હતો. ભોળાનાથ પ્રસિદ્ધ સમાજસુધારક હતા. વિદ્યાબેનનું બાળપણ ભોળાનાથ સારાભાઇના ઘરે જ વીત્યું હતું.[૨]

વિદ્યાબેન ના માતૃશ્રી શિક્ષણ પ્રત્યે ખૂબ જ કાળજી રાખતા બાળકોને નિશાળે બેસાડ્યા પછી કેવું શિક્ષણ શાળામાં અપાય તેનું ધ્યાન રાખતા હતા.બધા પાઠો પોતે કરાવતા પોતાના બાળકો સારી રીતે પરીક્ષા પાસ કરે તે માટે પ્રયત્નો કરતા હતા. પોતાના બાળકો સંસ્કારી થાય તે જ તેમનું લક્ષ્ય હતું.પોતે અગવડ અને મુશ્કેલી વેઠી છોકરાઓને શિક્ષણમાં મદદ કરતા હતા. એ સમયે તો દસ-બાર વર્ષની છોકરી થાય એટલે નિશાળેથી ઉઠાડી લેવામાં આવતી અને તેને ઘરકામમાં પરોવી દેવામાં આવતી ત્યારે



Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-4-issue-52-august-2017/RRJ242472

તેમની માતાએ ગમે તેટલી મુશ્કેલી પડતી છતાં છોકરીને ઉચ્ચ કેળવણી આપવી એ તેમનો ધ્યેય હતો. તેમણે બાળકોના અભ્યાસમાં ક્યારેય અડચણ આવવા દીધી નહીં. વિદ્યાબેનના માતા પિતા બન્નેના આગ્રહને લીધે વિદ્યાબેન અને શારદાબેન નિશ્ચિતાથી અભ્યાસ કરી શક્યા હતા. વિદ્યાબેન ની કેળવણીની શરૂઆત રા.બા. મગનભાઈ કન્યાશાળામાં થઈ હતી.[૩] એમાં વિદ્યાબેન ને ગુજરાતી છ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો અને તેમની મામા ની દીકરીઓ સાથે અંગ્રેજી શિક્ષણ લેવા મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કૉલેજમાં અંગ્રેજી પાંચમા ધોરણમાં દાખલ થયા.[૪] ઐતિહાસીક વ્યક્તિઓના ઘડતરમાં તેના કુટુંબ, મિત્ર મંડળ અને શિક્ષણ વગેરે મહત્વના પરિબળો ગણાય છે. જી જી પોતે અભ્યાસ કરી શક્યા ન હતા પણ તેમને કન્યા કેળવણીમાં ઘણો રસ હતો. ઘરનું વાતાવરણ પણ અભ્યાસનીષ્ઠ, ઘરના બાળકોને ફતેહાલાલ ગવૈયા રોજ સંગીત શીખવતા હતા. ફાર્મસીનો અભ્યાસ મુનશી પાસે થતો હતો અને મોસાળ તરફથી સમગ્ર અભ્યાસુ અને અભ્યાસને પ્રોત્સાહિત કરે તેવું વાતાવરણ મળ્યું હતું. ભોળાભાઈ સારાભાઇ ના સૌથી નાના પુત્ર રા. કૃષ્ણરાવ ભોળાનાથ (વિદ્યાબેન ના મામા) દ્વારા વિદ્યાબેનને મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજના અંગ્રેજી વર્ગોમાં દાખલ થવા માટે ઘણો આગ્રહ કરવામાં આવ્યો હતો. તેમણે નોંધ્યું છે કે 'મારી જાત પ્રત્યે રા. કૃષ્ણરાવ ને સદા મમતાળુ લાગણી હતી અને મારા જીવનમાં જે મહત્વનો ભાગ તેમનો હતો તે ખાતર હું સદા તેમની ઋણી રહીશ.[૫] આ વાતાવરણનો લાભ વિદ્યાબેન પહેલા તેમના માતા બાળાબેનને પણ મળ્યો હતો. જેને પરિણામે વિદ્યાબેનને માતા તરફથી અપ્રિતમ સહકાર પ્રાપ્ત થયો. મારા અભ્યાસ માટે તો એટલું જ કહેવું બસ છે કે તેમની (માતા બાળાબેનની) સહાયતા વિના હું કોલેજ ભણી શકી ન હોત.[૬] વિદ્યાબેનના પિતા રા. ગોપીલાલ મણિલાલ ધ્રુવ પણ ઘણા અભ્યાસુ હતા. અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં નાજર હતાં. પ્રમાણિકતા માટે તેમણે નિવૃત્ત થયા ત્યારે 'ગુડ સર્વિસ' નો ચંદ્રક પણ મળ્યો હતો. અંગ્રેજી ભાષા પર તેમનું પ્રભુત્વ નોંધનીય હતું.આ રીતે વિદ્યાબેન ના મોસાળ અને પિયર પક્ષ તેમજ સસુર પક્ષના બૌદ્ધિક અને પ્રોત્સાહિત વાતાવરણમાં તેમનું ઘડતર થયું તેના પાયા પર સમગ્ર જીવન ની ઈમારત રચાઈ હતી. ૧૦ વર્ષની વયે વિદ્યાબેન રસોઈ કરતાં શીખ્યા બાલ્યાવસ્થામાં વિદ્યાબેન નું વાંચન કેવું હતું એ પણ

ISSN : 2321- 4708
Aug 2017, Year - 4 (52)
Paper ID : RRJ242472

જાણવા જેવું છે. એ સમયે બાળકો વાંચે એવા પુસ્તકો બહુ થોડા હતા.'બાળ મિત્ર' નામનું એક પુસ્તક અને એવા બીજા એક બે પુસ્તકો એમણે વાંચેલા 'સ્ત્રીબોધ' નામનું એક માસક એ વખતે નીકળતું અને તે એ ક્યારેક ક્યારેક વાંચતા તેવી જ રીતે બુદ્ધિપ્રકાશનું પણ તેમને નિયમિત વાંચન કરેલ હતું. ઈ.સ.૧૮૯૧માં વિદ્યાબેન મેટ્રિકની પરીક્ષા માંથી પસાર થયા તે પ્રસંગ ઘણો મહત્વનો છે. એ જમાનામાં ગુજરાતી છોકરીઓ આ પરીક્ષામાં બેસતી નહોતી એ પરિસ્થિતિમાં એ મેટ્રિક પાસ થાય એ અસામાન્ય મહત્વની ઘટના છે. એ ભણી શક્યા અને પરીક્ષા આપી શક્યા એમાં તેમની માતા બાળાબેન, તેમના પતિ રમણભાઈ નીલકંઠ નો ખૂબ મોટો ફાળો રહેલો છે. વિદ્યાબેનને આ પરીક્ષામાં ગુજરાતીમાં બહુ સારા માર્ક મળયા હતા. એક માર્ક માટે તેમણે ઈનામ ખોયેલું. એમના પરીક્ષક ગોવર્ધનરામ ભાઈ હતા.મેટ્રિકની પરીક્ષા પછી વિદ્યાબેન ઈ.સ ૧૮૯૪માં કોલેજમાં દાખલ થયા તે સમયે કોલેજનું વાતાવરણ ખૂબ જ મુશ્કેલી ભર્યું હતું. છોકરીઓને કોલેજમાં શિક્ષણ લેવા માટે અનેક પ્રકારની સતામણી સહન કરવી પડતી. અત્યારે આ વાતાવરણ ખૂબ સાધારણ લાગે છે. પણ તે સમયે કોલેજનું શિક્ષણ મુશ્કેલીભર્યું હતું. છતાં પણ અનેક મુશ્કેલી અને અગવડો વેઠી વિદ્યાબેન અને શારદાબેન તેમજ ગટુભાઈ સાથે એક જ ક્લાસમાં ભણતા હતા. ગટુભાઈ ને લઈને એમને ઓછી મુશ્કેલી સહન કરવી પડી. કોલેજમાં છોકરાઓ છોકરીઓને બેઠક અલગ હતી. છોકરાઓની બેન્ચ દૂર રાખવામાં આવતી હતી. પ્રોફેસર વર્ગમાં દાખલ થયા પછી જ વિદ્યાર્થીઓ વર્ગમાં દાખલ થાય અને કોઈ કોઈ ની સામું ન જોઈએ માત્ર પુસ્તક માં ધ્યાન રાખે પ્રોફેસર વર્ગમાંથી બહાર નીકળે સાથે જ બહાર નીકળી જતા અને અલગ-અલગ ઓરડામાં બેસી નવરાશનો સમય ગાળતા આટલા નિયમો પાળવા છતાં ટીકા સાંભળવા મળતી હતી અને છોકરાઓ તરફથી કનડગત પણ થતી હતી.વિદ્યાબેન અને શારદાબેન જુનિયર ક્લાસમાં સાથે જ આવી ગયા. વિદ્યાબેન શારદાબેન થી છ વર્ષ મોટા હોય બહુ વહેલા કોલેજમાં દાખલ થયા પણ એક પછી એક બાળકોના જન્મને લીધે તેમના અભ્યાસમાં વિક્ષેપ ઘણા આવેલા હતા.[૭] તેમને કૉલેજમાં ઇતિહાસ વિષય પ્રોફેસર કાશીરામ અને ભુલાભાઇ દેસાઇ સંસ્કૃતવિષય આચાર્ય આનંદશંકર, તત્વજ્ઞાન વિષય પ્રોફેસર દ્વારા અને કાવ્યપ્રકાશ વિષય રમણભાઈ જેવા



Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-4-issue-52-august-2017/RRJ242472

ISSN : 2321- 4708
Aug 2017, Year - 4 (52)
Paper ID : RRJ242472

વિદ્વાન અધ્યાપકો અભ્યાસ કરાવતા હતા.આવા મહાન પ્રોફેસરોના સંપર્કમાં આવી વિદ્યાબેન તેમજ તેમના બેન શારદાબેને શિક્ષણ મેળવ્યું અને તેમના શિક્ષણનો લાભ લઇ બી.એ.ની પરીક્ષા આપી હતી.ઈ.સ.૧૯૦૧ના નવેમ્બર મહિનામાં બી.એ.ની પરીક્ષા થઈ સંસ્કૃતનો ભારે અભ્યાસ, ઋગ્વેદ, કાવ્ય પ્રકાશ, તર્કસંગ્રહ જેવા અઘરા પુસ્તકો ઇતિહાસ,અર્થશાસ્ત્ર, લોજીક, ફિલોસોફીના પુસ્તકોનો અભ્યાસ ગ્રહણ કરવું તે નાનીસૂની વાત ન હતી. છતાં વિદ્યાબેનએ તનતોડ મહેનત કરી પરીક્ષા આપી. ઈ.સ. ૧૯૦૧માં ડિસેમ્બર મહિનામાં પરિણામ જાહેર થયું અને વિદ્યાબેન લોજીક અને મોરલ ફિલોસોફી સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા.[૮] આ વિષયોમાં એ આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યા હતા. બી.એ.ની પરીક્ષામાં પણ બધા વિષયો બીજા નંબરે આવ્યા હતા. તેથી તેમનું ભારે સન્માન કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં એમને એક માંનપત્ર આપવામાં આવ્યું હતું. ત્યારે અમદાવાદમાં સોશિયલ અને લિટરરી એસોશિયેશન નામની એક સંસ્થા હતી. એ સંસ્થા થી એમને માનપત્ર મળ્યું હતું. મુંબઈ એલિફન્ટ કોલેજના ગુજરાતી મંડળે એમને માનપત્ર આપ્યુ હતું. માટે ગુજરાતમાં બધાને ગર્વ થયો હતો કારણ કે દક્ષિણે અને પારસી સ્ત્રીઓ ગ્રેજ્યુએટ હતી પણ ગુજરાતી કોઈ સ્ત્રી ગ્રેજ્યુએટ ન હતી. આ બે વિદુષી બહેનો ગુજરાતના પહેલા સ્ત્રી ગ્રેજ્યુએટ થવાનું મહાન સદભાગ્ય મેળવી શક્યા.[૯]

આમ ઇ.સ.૧૯૦૧ની સાલમાં આ બંને બહેનો અમદાવાદની ગુજરાત કોલેજમાં અભ્યાસ કરી. સ્ત્રીઓ માટેની કેળવણી ના દ્વાર ખોલી નાખ્યા હતા.[૧૦] આમ સ્ત્રી શિક્ષણનો પાયો નાખવામાં આ બંને બહેનોને પહેલ કરી હતી. આ પાયો નાખવા માટે કેટલીક મુશ્કેલી અપમાન અને સતામણી સહન કર્યા છે તે આજની પ્રજાને ખ્યાલ આવી શકે તેમ નથી. કેટલીક માન્યતા એવી કે કેટલીક માન્યતા એવી કે વિદ્યાબેન અને શારદાબેન નું સ્થાન માત્ર પ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટ તરીકેનું જ છે. એ તો એ એમના યશસ્વી જીવનનું પ્રથમ પગથિયું અને તેમને સદા ઉન્નત તરફ પ્રયાણ કર્યું.[૧૧] અને કેળવણીનો મજબૂત પાયો નાખી તેનો પ્રસાર અને પ્રચાર કર્યો હતો. વિદ્યાબેન ને મોસાળ પક્ષ અને પિયર પક્ષ જેવું જ ઊંડા અને પ્રોત્સાહન વાતાવરણ શ્વસુર પક્ષે પણ મળ્યું હતું. વિદ્યાબેનના લગ્ન તેર વર્ષની ઉંમરે ઈ.સ.૧૮૮૯માં સુરતના મહીપતરામ રૂપરામ નીલકંઠ ના વિધુર પુત્ર

રમણભાઈ સાથે થયા હતા.લગ્ન પછી થોડા જ વખતમાં રમણભાઈ નું સૌ પ્રથમ પુસ્તક 'વિવાહ વિધિ' બહાર પડ્યું.[૧૨]આ લગ્ન વિદ્યાબેન માટે ટર્નિંગ પોઇન્ટ સમાન બની રહ્યો. વિદ્યાબેનનું વ્યક્તિત્વ શરૂઆતથી તેજસવી હતું પણ તેને ચોટદાર રીતે પ્રસિધ્ધિ લગ્ન પછી જ મળી. તેમણે શિક્ષણ, લેખન અને સમાજ જેવા વગેરે જ વિવિધ ક્ષેત્રોમાં જે રીતે પ્રદાન આપ્યું. તે રમણભાઈના સાથેના લગ્ન જીવનના કારણે આપી શક્યા હતા.

**વિદ્યાબેન નીલકંઠ નું કાર્યક્ષેત્ર:--**

વિદ્યાબેન નીલકંઠના જીવનો ધ્યેય માત્ર શિક્ષણ પ્રાપ્તિનો ન હતો પરંતુ પોતાના સુધારાવાદી વિચારોને શિક્ષણના માધ્યમથી વધુ પરિપક્વ રીતે સમાજ સમક્ષ મુકવા હતા અને સમાજમાં રહેલા દૂષણો અને દુર કરી સમાજને પ્રગતિ ના પંથે દોરવો હતો. ઉત્તમ ગૃહિણી તરીકે પોતાનું કર્તવ્ય બજાવતા બજાવતા રમણભાઈની સાથે દરેક પ્રવૃત્તિમાં વિદ્યાબેન રસ લેતા હતા. પ્રાર્થનાસમાજ, વિધવાવિવાહ ઉત્તેજન સમિતિ અને સંસાર સુધારો સમાજ માં રસ લેતા હતા. છપ્પનીયા દુષ્કાળ માં રાહત કામ કરી સમાજસેવાના શ્રીગણેશ માંડ્યા હતા. ગામડામાં અનાજ અને કપડાં પહોંચાડવા ની વ્યવસ્થા કરવી, માંદાની માવજત કરવી અનાથ બાળકોને આશ્રય આપવો વગેરે કાર્યો તેઓ સતત કરતા રહ્યા હતા.

ઈ.સ.૧૯૧૬ના ઓકટોબર માસના પહેલા અઠવાડિયામાં માધ્યમિક શાળાના શિક્ષકો અને સ્ત્રી કેળવણીના રસ ધરાવનાર સ્ત્રી પુરુષોના સંમેલનમાં અનુક્રમે કેશવલાલ ધ્રુવ અને વિદ્યાબેનના પ્રમુખ પદનીચે ભરાયા હતા.[૧૩] સ્ત્રી શિક્ષણ અને સમાજ સુધારણા અને અગ્રણી ભૂમિકા ભજવી હતી. શિક્ષણ ક્ષેત્રે તેમનું પ્રદાન સીધા અધ્યાપન દ્વારા અને શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન થી વધુ અસરકારક બન્યું હતું. શ્રી લાલભાઈ ઉમિયાશંકર ગુજરાત મહિલા પાઠશાળા અને વિદ્યાબેન ના સંબંધો સમજવા માટે નીચેની માહિતી મદદરૂપ બનશે. ઈ.સ.૧૯૨૦ના વાર્ષિક અહેવાલમાં નામાવલી ગુજરાતી ભાષાના માનદ અધ્યાપક તરીકે નામ જાણવા મળે છે

ઈ.સ.૧૯૨૧-૧૯૨૨ --- ગુજરાત ગુજરાતીના અધ્યાપક તરીકે

ઈ.સ.૧૯૨૨-૧૯૨૪ --- માનવશાસ્ત્રને બાળમાનસને અધ્યાપક



Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-4-issue-52-august-2017/RRJ242472

ISSN : 2321- 4708
Aug 2017, Year - 4 (52)
Paper ID : RRJ242472

ઈ.સ.૧૯૨૪-૧૯૨૫ -- અંગ્રેજીના અધ્યાપક

ઈ.સ.૧૯૨૫-૧૯૩૧ --- માનવશાસ્ત્ર ના અધ્યાપક

આમ જુદા જુદા વિષયના અધ્યાપક તરીકે કામગીરી બજાવવા માટે અધ્યાપક તરીકે નું ગતિશીલ વ્યક્તિત્વ (Dynamic Character) તેઓ ધરાવે છે.[૧૪] ગુજરાતમાં શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થા ગુજરાત કેળવણી મંડળની સ્થાપના ૯ મે૧૯૨૨ના રોજ થયેલ તેના આદ્યસ્થાપક સર રમણભાઈ નીલકંઠ અને વિદ્યાગૌરી નીલકંઠ હતા. આ સંસ્થા માં ઈ.સ.૧૮૨૨ થી ૧૯૩૦ સુધી તેઓ મંત્રી તરીકે રહ્યા હતા.ઈ.સ ૧૯૩૨ થી ૧૯૪૪ સુધી પ્રમુખ તરીકે કાર્યરત રહ્યા હતા.ઈ.સ ૧૯૩૨માં ગુજરાત કેળવણી મંડળના સભ્ય તરીકે થયેલો તરીકે ચૂંટાયા હતા. તેમજ દર વર્ષે તેઓ સે નેટ તરફથી સિન્ડિકેટ માટે બિનહરીફ ચૂંટાતા હતા. એસ.એન.ડી.ટી યુનિવર્સિટી તરફથી ઈ.સ.૧૯૫૭માં તેમને ડી.લીટની માનદ પદવી એનાયત થયેલ.[૧૫] યુનિવર્સિટી સંગીતના બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્ય તરીકે પણ તેઓ ચૂંટાયા હતા. વિદ્યાબેન અમદાવાદની બીજી અનેક સંસ્થાઓના સંચાલક હતા. પોતે જેમાં શિક્ષણ લીધેલું તે રા. મગનભાઈ કરમચંદ કન્યાશાળામાં,રણછોડલાલ છોટાલાલ કન્યા શાળા, કન્યા શાળા મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ ઈત્યાદિ અનેક શિક્ષણ સંસ્થાઓમાં તેઓ મંત્રી ખજાનચી ઉપપ્રમુખે પ્રમુખ તરીકે વર્ષો સુધી સેવા આપી હતી.ઈ.સ.૧૯૩૦માં સત્યાગ્રહની લડત વખતે સરકારી શાળામાંથી છોકરીઓને કાઢી મુકી ત્યારે નવી મ્યુનિસિપલ ગર્લ્સ સ્કૂલ શરૂ કરી હતી. વિદ્યાબેન તેના પ્રથમ પ્રિન્સિપાલ થયા હતા.[૧૬] અમદાવાદ મ્યુનિસિપલ બોર્ડના તેઓ ચૂંટાયેલા સભ્ય અને ઉપ પ્રમુખ પણ હતા. રમણભાઈના અવસાન પછી મ્યુનિસિપાલટી ની જુદી-જુદી કમિટીમાં હોદ્દાઓ પ્રાપ્ત કર્યા હતા. આ ઉપરાંત લખનવ અખિલ હિંદ મહિલા પરિષદ તે ઈ.સ. ૧૯૩૨ના પ્રમુખ પદે આવ્યા હતા. ત્યારે ડો.રેડિએ વિદ્યાબેન નું પરિચય કરાવતા જે સુંદર સભ્ય શબ્દો કહ્યા તે વિદ્યાબેન ના સમાજ સુધારણાનું કાર્ય અને સ્ત્રી કેળવણીના કાર્ય નું સૂચન કરે છે જે નીચે મુજબ છે.

“Lady Nilkanth has justified in her person the demand or women to equality with men as she had educated herself even after marriage and was the first lady graduate of



Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-4-issue-52-august-2017/RRJ242472

ISSN : 2321- 4708
Aug 2017, Year - 4 (52)
Paper ID : RRJ242472

the university from Gujarat, and the social work is not and eyewash as she is still connected with almost all the social work in her province”[૧૭].

અખિલ હિંદ મહિલા પરિષદ અમદાવાદ સંસ્થાના આદ્યસ્થાપક અને ગુજરાત સ્ત્રી ઉત્કર્ષનો પાયોનાખનાર ભગિની શ્રીમતી વિદ્યાગૌરી નીલકંઠ અને શારદાબહેન મહેતા કાયમી સ્મૃતિમાં જાળવી રાખવા બાળ મંગલમય કેન્દ્ર શરૂ કર્યું હતું. [૧૮]ઈ. સ.૧૯૧૪માં વનિતા શરૂ કર્યું તેના વ્યવસ્થા અમલમાં સભાસદ પદે રહી વિદ્યાબેન કાર્ય કર્યું હતું. આ ઉપરાંત જ્યોતિષ ભગિની સમાજ તેમજ અનાથ-આશ્રમમાં પરોક્ષ રીતે સેવા કાર્ય પૂરું પાડ્યું છે. ભોળાનાથ સારાભાઇ લિટરરી ઈન્સ્ટિટ્યૂટ માં થતી અનેક સ્ત્રી સંસ્થાઓની સાર્વજનિક પ્રવૃત્તિમાં વિદ્યાબેનને લેડીઝ પ્રવુતિનો આરંભ કર્યો હતો. આ ક્લબની નિશ્રામાં સાંસ્કૃતિક કાર્યક્રમો, રમત-ગમતો, પરિસરમાં જ ચર્ચા વ્યાખ્યાનોથી સ્ત્રીશિક્ષણ, જીવનમાં નવો ઉલ્લાસ પ્રગટ કર્યો હતો. લેડી લીલી ની પ્રેરણાથી જરૂરિયાતવાળી મુસ્લિમ બહેનો માટે સિવણ વર્ગ ચલાવવામાં સહાયભૂત થયા હતા.[૧૯] ઈ.સ.૧૯૧૪ની સાલમાં અમદાવાદ લેડીઝ કલબ તરફથી એક નાટક પ્રયોગ થયેલો તેમાં જુદાજુદા નાટકો માંથી થોડા દશ્ય રજૂ કરેલા. લેડીઝ કલબના તે વખતના પ્રમુખ મોટીબાઈ કાપડીયા જે વિદ્યાબેનના પરમ મિત્ર હતા. તેમણે એ નાટ્ય પ્રયોગમાં ફરસી કાવ્ય સંગ્રહમાંથી બે-ત્રણ દ્રશ્યો કરાવેલા તેમાં વિદ્યાબેનને સોરાબનીમાં ટેમિનાનો ભાગ સરસ રીતે ભજવેલો. વિદ્યાબેન રંગે બહુ જ ધોળા હતા.એટલે એ ટેમિનાના પગથિયાં પોશાકમાં ખુબ સુંદર લાગતા હતા.[૨૦] એ વખત ખાડિયામાં શરૂ થયેલા મહિલા મંડળમાં પણ તેમનો ફાળો નાનોસૂનો નથી. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે વોર રિફંડ માટે નાણા એકઠા કરવા લેડીઝ કલબ દ્વારા વિદ્યાબેન સક્રિય ભાગ લીધો હતો.

વિદ્યાબેન નીલકંઠ બીજી ગુજરાત પ્રાથમિક પરિષદ (ઈ.સ.૧૯૪૦)ના તેઓ પ્રમુખ હતા. તેમજ ઈ.સ.૧૯૪૩માં ગુજરાતી સાહિત્ય પરિષદના પંદરમાં સંમેલન વડોદરાના તેઓ પ્રથમ મહિલા પ્રમુખ હતા.[૨૧] તેમાં તેમણે આપેલા વ્યાખ્યાનમાં માતૃભાષાની હિમાયત કરી હતી. તેમ જ વિદ્યાબેન ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ઈ.સ.૧૯૨૫ થી ૧૯૫૦ (૩૨ વર્ષ) સુધી મંત્રી પદે રહેલા હતા.[૨૨] ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના દરેક



Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-4-issue-52-august-2017/RRJ242472

કાર્ય ખૂબ જ ઉત્સાહ અને મહેનતથી કાર્ય કરતા હતા. તેમણે ગ્રંથ અને ગ્રંથ આકારનું છેલ્લે સંપાદન કાર્ય કરી ગુજરાતી લેખકો અને તેમની કૃતિઓ ની નામાવલી ધરાવતા પુસ્તકોની સૂચિ બહાર પાડયોહતો.[૨૩] તે સમયે શહેરની જાણીતી કન્યાશાળા રણછોડલાલ છોટાલાલ ખાડિયા કન્યા શાળા અને સૌ. દિવાળીબાઈ કન્યા શાળા ફંડ અને વહીવટ વર્નાક્યુલર સોસાયટી પાસે હતો અને તે બંને સંસ્થાના મુખ્ય સંચાલક અને ઓને. સેક્રેટરી લેડી વિદ્યાગૌરી નીલકંઠ હતા. તેમની પાસે રા. મગનભાઈ કન્યા શાળાનો ચાર્જ પણ સંભાળતા હતા. વિદ્યાબેનએ ઈ.સ.૧૯૩૧માં ગુજરાતી ભાષાના અભ્યાસ લેખ લખ્યો અને મહિલા મિત્ર સામાયિકનું તેમને સંચાલન કર્યું હતું. મહિલા મિત્ર વાર્ષિક ના ચાર પુસ્તકો તેમના તંત્રીપદ હેઠળ પ્રગટ થયા હતા[૨૪] .ઈ.સ.૧૯૨૬માં વિદ્યાબેનને “ કેસરે હિંદનો “ ખિતાબ મળ્યો હતો.મહીપતરામ રૂપરામ અનાથાશ્રમમાં રમણભાઈ પછી ટ્રસ્ટી મંડળ અને સંચાલનમાં વિદ્યાબેન સંકળાયેલા હતા.[૨૫] અનાથાશ્રમમાં મા-બાપ વિનાના બાળકોની મા બની રહ્યા. અનાથાશ્રમના છોકરાને, છોકરીઓને ઠેકાણે પાડવામાં અંગત રસ લેતાહતા. કેટલી વ્યક્તિ તેમને જીવનભર યાદ કરતી અને તેમના જીવન પર્યંત સબધ જાળવતી હતી. વિદ્યાબેન સમાજ સેવાનું કાર્ય ગુજરાતની સ્ત્રી સમાજની સેવા, મહીપતરામ રૂપરામ અનાથાશ્રમ, પ્રાર્થનાસમાજ, સુધારણા સમાજ, મહિલા મંડળ, વિક્ટોરિયા જ્યુબિલી હોસ્પિટલ, રણછોડલાલ છોટાલાલ દવાખાનું વગેરે સાર્વજનિક સંસ્થાઓના સંચાલનમાં કાર્યરત હતા. તેમના સમાજ સેવાના કાર્યોમાં હૈયાની કરુણતા ક્યારે ઓપચારિકતા, પદ કે સતા ની ગંધ આવતી નથી. માટે જ શારદાબેન મહેતા વિદ્યાબેન વિશે નોંધે છે કે

“સુખ પાન થકી નવ મત થઉ દુઃખમાં તુજને નવ દોષ દઉ.[૨૬]

આમ શ્રી વિદ્યાબેન એટલે જાજરમાન ગૃહીણી , એમને જોતાં જ આપણને એક પ્રતિભાવાન મહિલા ની ઝાંખી થાય. એમણે એમના કુટુંબ પર અને અમદાવાદના મહિલા સમાજ પર માતૃ વાત્સલ્ય વરસાવ્યું પોતે ધન્ય બન્યા અને સૌ કોને બનાવ્યા વર્ષો સુધી આ વિદુષી નારીના વિસરાશે નહિ અનેક વિરલ પ્રવૃત્તિમાં એમને આપેલા ફાળા બદલ અમદાવાદ તેમજ ગુજરાત સદાકાળ તેમનો ઋણી રહેશે.



Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-4-issue-52-august-2017/RRJ242472

## સંદર્ભ સૂચી


૧ ઓઝા, ધનવંત, વિદ્યાબેન નીલકંઠ પરિચય પુસ્તીકા ,રવાની પ્રકાશન, અમદાવાદ, ૧૯૬૩, પૃ.-૧.

૨ નીલકંઠ વિદ્યાબેન, ફોરમ,ગુજરાત વિદ્યાસભા ,અમદાવાદ,૧૯૫૫,પૃ. - ૫.

૩ ઓઝા, ધનવંત , પૂર્વોક્ત , પૃ.-૨૬.

૪ મ્હેળ સુસ્મિતા, વિદ્યાબેન નીલકંઠની જીવન ઝાંખી, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ,૧૯૭૪, પૃ.-૨૬.

૫ નીલકંઠ વિદ્યાબેન ,ફોરમ,ગુજરાત વિદ્યાસભા ,અમદાવાદ,૧૯૫૫,પૃ. - ૧૨૭.

૬ એજન, પૃ.-૧૩૦.

૭ ભટ દિવાળીબેન , આપના નારી રત્નો, ગુર્જર સાહિત્ય ભંડાર , લાઠી, ૧૯૯૪, પૃ.-૧૬.

૮ ઠાકર (ડો.) ધીરૂભાઈ, ગુજરાતિ વિશ્વ કોશ ,ખંડ -૧૦, ગુજરાતી વિશ્વ કોશ ટ્રસ્ટ, અમદાવાદ ,૨૦૦૬, પૃ. -૨૭૭.

૯ ત્રિવેદી નવલરામ, સમાજસુધારણાનું રેખાદર્શન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ,૧૯૭૪, પૃ.-૧૮૪.

૧૦ દીવાનજી (ડો) ધુમનબેન, સ્ત્રી સિદ્ધિના સોપાનો ,ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, અમદાવાદ, ૧૯૯૭, પૃ.-૪૨.

૧૧ ભટ દિવાળીબેન, પૂર્વોક્ત, પૃ.-૧૫૭-૧૫૮.

૧૨ ઝવેરી બિપીનચંદ્ર, રમણભાઈ નીલકંઠ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ,૧૯૭૪, પૃ.-૧૯.

૧૩ યાજ્ઞિક ઇન્દુલાલ આત્મકથા ભાગ-૧, મહેમદાવાદ,૧૯૮૨, પૃ.-૨૦૩.

૧૪ ભટ્ ઉષાબેન ઘનશ્યામભાઈ , અમદાવાદા શહેરની સ્ત્રી નૈતૃત્વ શક્તિ , ગુજરાત યુની, અમદાવાદ, પૃ-૨૬૮.

૧૫ ઠાકર (ડો.) ધીરૂભાઈ, પૂર્વોક્ત, પૃ. -૨૭૮.




Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-4-issue-52-august-2017/RRJ242472

૧૬ બુધ્ધિ પ્રકાશ,ઓકટોબર ૧૯૭૬ વર્ષ -૧૨૩ અંક-૧૦, સ્વ. વિદ્યાબેન નીલકંઠની જન્મશતાબદી સ્મારક અંકમાંથી ,પૃ.-૩૩૮.

૧૭ પારેખ હિરલાલ, લેડી વિદ્યાબેન મણીમોહત્સવ અ સમાંરભ સમિતિ, અમદાવાદ, ૧૯૩૬, પૃ.-૧૦૩.

૧૮ રાવલ (ડો) ચંદ્રિકા, ગુજરાતમાં સ્ત્રીનો દરજ્જો , પાર્શ્વ પ્રકાશન અમદાવાદ,૨૦૦૮, પૃ.-૪૫.

૧૯ મ્હેળ સુસ્મિતા, પૂર્વોક્ત પૃ.-૭૮.

૨૦ બુધ્ધિ પ્રકાશ,ઓકટોબર ૧૯૭૬ વર્ષ -૧૨૩ અંક-૧૦, સ્વ. વિદ્યાબેન નીલકંઠની જન્મશતાબદી સ્મારક અંકમાંથી, પૃ.-૩૨૪.

૨૧ હર્ણે પુનિતા અરૂણ, ગુજરાતી અખબારો અને નારી ચેતના,ગુજરાત વિધ્યાપીઠ,અમદાવાદ, ૨૦૦૪, પૃ-૬૬.

૨૨ દીવાનજી (ડો) ધુમનબેન , પૂર્વોક્ત , પૃ.-૮૫.

૨૩ મહેતા શીરીન, ગુજરાતમાં નારી ચેતના , દર્શક ઈતિહાસનિધિ, અમદાવાદ, ૨૦૦૯, પૃ-૨૪૦.

૨૪ પારેખ હિરાલાલ , ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઈતિહાસ, વિભાગ ત્રીજો, અમદાવાદ,૧૯૩૪,પૃ -૭૫.

૨૫ મ્હેળ સુસ્મિતા, પૂર્વોક્ત ,પૃ-૧૪૨.

૨૬ પારેખ હિરાલાલ , પૂર્વોક્ત,પૃ -૧૭૫.